# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

" સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૧૫/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બર દ્વારા 'સંભવિત ફુગાવામાં રોકાણ કરવું, વધતા વિશ્વ વ્યાજ દર તથા ઇકવીટીમાં રોકાણ માટેનો દૃષ્ટિકોણ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા શુક્રવાર, તા. ૯ એપ્રિલ, ૨૦૨૧ના રોજ 'સંભવિત ફુગાવામાં રોકાણ કરવું, વધતા વિશ્વ વ્યાજ દર તથા ઇકવીટીમાં રોકાણ માટેનો દૃષ્ટિકોણ' વિષય ઉપર વેબિનાર યોજાયો હતો. જેમાં નિષ્ણાંત વકતા તરીકે મુંબઇના પી.પી.એફ.એ.એસ. મ્યુચલ ફંડના ચીફ ઇન્વેસ્ટમેન્ટ ઓફિસર એન્ડ ડાયરેકટર રાજીવ ઠક્કર દ્વારા રોકાણકારોને મહત્વનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાજીવ ઠક્કરે સૌપ્રથમ ભારત દેશની તથા વિશ્વના અન્ય દેશોમાં કોરોનાની પરિસ્થિતિ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે, કેટલાક દેશોમાં કોરોનાની રસી મોટા ભાગના લોકોને અપાઇ ગઇ હોવાથી એ દેશનો સિનારીયો આપણા દેશ કરતા જુદો છે. જે દેશોમાં વેકસીનેશનની કામગીરી પૂર્ણ થવાને આરે છે ત્યાં શેરબજારમાં સારા રિઝલ્ટ મળી રહયાં છે. કોરોનાની પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે વેકસીનેશન જ સોલ્યુશન છે. તેમણે કહયું કે, વર્ષ ૨૦૦૮માં ૬૦૦ બિલીયન યુએસ ડોલરનું પેકેજ પાસ થયું હતું. જ્યારે આ વર્ષે ૩ ટ્રિલિયન યુએસ ડોલરનું પેકેજ પાસ કરવામાં આવ્યું છે. સરકાર દ્વારા ઇન્ફ્રાસ્ટ્રકચર વધારવા ઉપર ભાર મુકવામાં આવ્યો છે ત્યારે માર્કેટમાં પૈસા ફરવાના જ છે. આથી ઇકવીટીમાં રોકાણ કરવાથી રોકાણકારોને લાંબા ગાળે લાભ થઇ શકે છે. રોકાણકારોએ અત્યારે મેક્રો ફંડામેન્ટલ ઉપર ફોકસ કરવું જોઇએ નહી અને પ્રોપર એસેટ એલોકેશન કરી લાંબા ગાળા માટે ઇકવીટીમાં રોકાણ કરવામાં આવશે તો રિટર્ન સારું મળી શકે તેમ છે. આથી ઇકવીટીમાં રોકાણ કરવું હિતાવહ રહેશે. નવી ટેકનોલોજી અપનાવતી કંપનીઓમાં રોકાણ કરવાથી પણ રોકાણકારોને લાભ થઇ શકે છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

આ વેબિનારમાં ચેમ્બરના માનદ્ મંત્રી નિખિલ મદ્રાસીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ચેમ્બરની કેપીટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના એડવાઇઝર કેતન દલાલે વકતાનો ટૂંકમાં પરિચય આપ્યો હતો. વેબિનારમાં વકતા રાજીવ ઠકકરે રોકાણકારો દ્વારા પુછવામાં આવેલા વિવિધ સવાલોના સંતોષકારક જવાબ આપ્યા હતા. અંતે કેપીટલ એન્ડ કોમોડિટી માર્કેટ કમિટીના ચેરમેન ઐયુબ યાકુબઅલીએ સર્વેનો આભાર માની વેબિનારનું સમાપન કર્યું હતું.